# વિપક્ષની સત્તાલાલસા જેવા મુખ્યમંત્રીના વિધાનોએ રાજકીય આશ્ચર્ય જન્માવ્યુ છે

**પગાર-વધારાનું બિલ રજુ કરી ભાજપે તેના આંતર કલહને પણ ઢાંકવાનો પ્રયાસ કર્યો હોવાની વાતો**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભા ગૃહની ગઈકાલની બીજી બેઠકમાં અવિશ્વાસ પ્રસ્તાવની મંજૂરી બાદ વિપક્ષે તાત્કાલિક ચર્ચાની માંગ કરી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમાં દરમ્યાનગીરી કરતાં જે ઉચ્ચારણો કર્યા તે ભાજપમાં રાજકીય ગડમથલના સંકેત

**સમયસર** - પ્રકાશ જહા

આપી જાય છે.

મુખ્યમંત્રીએ દરમ્યાનગીરી કરતાં જણાવ્યું હતું કે આ 'વિપક્ષની સત્તાલાલસા' દેખાઈ રહી છે. આ વિધાનને લઈ આજે પાટનગરના રાજકીય વર્તુળોમાં છાને છપને સતત ચર્ચાઓ ચાલતી હતી.

ભાજપ આમ તો વિધાનસભાની કામગીરીમાં મુત્સદી જરૂર સાબિત થયુ પરંતુ ગૃહના નેતાને વિપક્ષની સત્તાલાલસા અવિશ્વાસના પ્રસ્તાવ પરની ચર્ચામાં દેખાઈ તે વાત કોઈને ગળે ઉતરી જ નહિ. વિપક્ષની દરખાસ્ત માત્ર મંજૂરી પૂરતી જ મર્યાદિત રહેશે તેવી વાતો સાચી પડી હતી. પરંતુ આ કિસ્સામાં વિપક્ષી નેતા પરેશ ધાનાણી મેદાન મારી ગયા એમ કહેવુ પડે.

તેમણે કહ્યુ કે મુખ્યમંત્રીશ્રી ચર્ચા આપવામાં વાંધો શું છે છેલ્લી છેલ્લી દરખાસ્તો જોશો તો મુખ્યમંત્રીએ તે જ દિવસે ચર્ચા આપી હોવાના દાખલા છે. તેમણે તો ત્યાં સુધી આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રીએ જાતે વ્હીપ આપવો પડે તે તો બહુ કહેવાય... એમ કહી અને તેમણે મુખ્યમંત્રીને બરાબર ભીંસમાં લીધા હતા.

સવારે ધારાસભ્યોના પગાર વધારાનું સર્વસંમતિથી બિલ પસાર કરાવી ભાજપે આંતરકલહને ઠારવાનો પ્રયાસ કર્યો હોય તેવી વાતો પણ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

વિધેયક પરની ચર્ચામાં એક તબક્કે અધ્યક્ષે પણ સરકારને હળવાશના મૂડમાં ટપારતાં કહ્યુ હતુ કે ૨૦૦૫ પછી સભ્યોના પગારમાં વધારો થયો નથી પણ અન્ય રાજ્યોની તુલનામાં પણ વધારો નથી જે નિર્ણય હોય તે પરંતુ વધારો કર્યો છે તે આવકાર્ય છે.

આમ ભાજપની ગૃહમાં મુત્સદીગીરી અને સંસદીય પ્રણાલિઓમાં જે પીછેહઠ જોવા મળી ત્યારે સુરેશ મહેતા, સ્વ. મકરંદ દેસાઈ, મનોહરસિંહ જાડેજા, સ્વ. સનત મહેતા, બ્રહ્મકુમાર ભટ્ટ, પ્રતાપ શાહ, શક્તિસિંહ ગોહિલ જેવા નેતાઓની ગેરહાજરી યાદ આવી ગઈ.

વિધાનસભાગૃહમાં મુખ્યમંત્રીશ્રીની દરમ્યાનગીરી પણ અધ્યક્ષશ્રીના નિર્ણય પછી અને તે બાદ સત્તાધારી પક્ષના સભ્યોને ઈશારા કરી સૂત્રોચ્ચાર કરતા જોવા મળેલા દૃશ્યો ઘણા બધા સંકેતો આપે છે.

મિડિયા ફ્રેન્ડલી ગણાતા મુખ્યમંત્રી સતત છેલ્લા ઘણા દિવસોથી મિડિયાથી દૂર રહેવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે.



હાલોને મા-આદ્યશક્તિના ધામમાં.... - રાજ્યના ખૂણે ખૂણેથી સેંકડો પદયાત્રીઓ બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે અંબાજીના માર્ગે આગળ ધપી રહ્યા છે... શ્રદ્ધાનું ઘોડાપુર આવ્યું હોય તેમ ભાવિકો રથ-ધજા લઈને, કોઈ સાઈકલ પર, કોઈ ચાલતા... મા-આદ્યશક્તિના ચરણે માથુ ટેકવવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા જઈ રહ્યા છે...

# સ્વાઈન ફ્લુથી વધુ એક દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી વધુ એક દર્દીનું મોત નીપજ્યુ છે. આ દર્દીના મોત સાથે સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૩ પર પહોંચી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના વરસોડાના દર્દીનું સ્વાઈન ફ્લુથી મોત થયું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ દર્દી સારવાર હેઠળ હતો.

જિલ્લાના અન્ય એક દર્દીને પણ સઘન સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યાની વાતો પણ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના અત્યાર સુધીમાં ૧૨ કેસ નોંધાયા છે અને ૩ દર્દીના મોત નીપજ્યા છે.

# જિલ્લાના ૨૬ ગામોમાં ગૌચર નથી તો ૨૬૩ ગામોમાં ગૌચરની જમીનમાં ઘટ છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના ૨૬ ગામોમાં ગૌચરની જમીન નથી તો ૨૬૩ ગામોમાં ગૌચરની જમીનમાં ઘટ છે.

મહેસુલી તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં માત્ર ૧ જ ગામ એવું છે જયાં ગૌચરની જગ્યા પશુઓના પ્રમાણમાં પુરતી છે.

જિલ્લામાં જે ગામોમાં ગૌચરની જગ્યા જ નથી તે ગામોમાં ગૌચરની જગ્યા નીમ કરવા માટેની દરખાસ્તો વાંરવાર માંગવામાં આવ્યા પછી પણ આ બધી કામગીરી કયાં અટવાઈ જવા પામી છે તે સમજાતું જ નથી.

સૌથી મહત્વની હકીકત એ છે કે જિલ્લામાં કૃષિ પછી પશુપાલન એ સૌથી મહત્વનું ક્ષેત્ર છે એટલું જ નહિ જિલ્લાના અર્થકારણમાં પશુપાલનનું યોગદાન મોટું રહ્યું છે.

જિલ્લાના ૨૬૩ ગામો એવા છે જયાં ગૌચર માટે જેટલી જગ્યા હોવી જોઈએ તે ઉપલબ્ધ નથી. ગૌચરની જમીન પર થયેલા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૨ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યુ છે

**૧૯ એકમો હવામાં પ્રદૂષણ કરી રહ્યા છે : બે એકમોને ક્લોઝરની નોટીસ અપાઈ છે તો ૮ ને કારણદર્શક નોટીસ સાથે સુધારાત્મક પગલાં લેવા જણાવાયુ છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ૩૨ ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદો મળી હોવાનું રાજ્ય સરકારે સ્વીકાર્યું છે.

ગુજરાત વિધાનસભામાં કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સરકારે સ્વીકાર્યું છે.

રાજ્ય સરકારના પર્યાવરણ મંત્રીએ તેમના પ્રત્યુત્તરમાં જણાવ્યુ છે કે બે એકમોને તો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ક્લોઝર નોટીસ આપવામાં આવી છે. જ્યારે ૨૮ એકમોને નોટીસ ઓફ ડાયરેક્શન આપવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૮ એકમોને કારણદર્શક નોટીસ સાથે સુધારાત્મક પગલાં લેવા માટે કડક તાકીદ કરવામાં આવી છે. જ્યારે એક એકમને તંત્રના અધિકારીઓની મુલાકાત દરમ્યાન જ લેખિત સૂચના પ્રદૂષણને લઈ આપવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪ શ્રીનગરમાં વેપારીઓને નોટીસ સોમવારથી દુકાનો સીલ થશે

**સે-૨૪ માં શ્રીનગર વિસ્તારમાં વર્ષોથી રહેણાંકમાં ધમધમતી દુકાનો તેમજ વધતા દબાણો દુર કરવા માટે તંત્રએ અલ્ટીમેટમ આપ્યુ**

ગાંધીનગર તા ૨૦

શહેરના સે-૨૪ માં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે હવે તંત્ર ફરી હરકતમાં આવશે. આજે મ્યુનિ તંત્રના અધિકારીઓએ શ્રીનગર વિસ્તારમાં ૧૦૦ થી વધુ વેપારીઓને દબાણ તેમજ હેતુફેરના મામલે નોટીસ આપી ત્વરિત સ્વેચ્છાએ દબાણો દુર કરવા અને હેતુફેરનો ઉપયોગ બંધ કરી દેવા સુચના આપી છે. આમપણ તંત્ર દ્વારા નગરમાં સોમવારથી દુકાનો સીલ કરવાની કામગીરી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

નગરમાં દબાણ હટાવ ઝુંબેશ સેકટરોમાં ચર્ચા સ્થાને છે. વેપારીઓ પણ હવે પોતાની દુકાનો ખાલી કરી શટર ઉતારવામાં લાગી ગયા છે. જયારે દબાણો પણ સ્વેચ્છાએ દુર કરવાનુ અભિયાન આરંભી દેવાયુ છે. બીજીતરફ તંત્રના અધિકારીઓ સેકટરોમાં રોજ હેતુફેર તેમજ દબાણના કિસ્સામાં નોટીસ આપી વેપારીઓને દબાણો દુર કરવા તેમજ હેતુફેરનો ઉપયોગ બંધ કરી દેવા માટે સુચના આપે છે. આજે પણ સે-૨૪ માં શ્રીનગર વિસ્તારમાં કોર્મશિયલ દબાણો દુર કરવા માટે તેમજ રહેણાંક વિસ્તારમાં ધમધમતા કોર્મશિયલ એકમોને નોટીસ આપવામા આવી હતી. તંત્ર દ્વારા ૧૦૦ થી વધુ કીસ્સામાં નોટીસ આપી આ પ્રવૃતિને બંધ કરી દેવા માટે જણાંવાયુ હતુ. જયારે ગઈકાલે પણ ઘ-૬ થી ચ-૬ વિસ્તારમાં રહેણાંકમાં ધમધમતા કોર્મશિયલ એકમોને નોટીસ આપવામાં આવી હતી. આ કીસ્સામાં પણ રવિવાર સુધીનુ અલ્ટીમેટમ આપી દેવાયુ છે. જયારે સોમવારથી તંત્ર દ્વારા દુકાનો સીલ કરવા માટે ઝુબેશ હાથ ધરવામાં આવશે. શહેરમાં દબાણ હટાવ અને રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનોને બંધ કરી દેવા માટે અભિયાન હાથ ધરાયુ છે.જેના લીધે વેપારીઓ ઉચાટમાં છે. શહેરના શોપિંગ બજારો આ ઝુંબેશથી વિશેષ પ્રભાવિત છે.જયારે નાના વેપારીઓ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં વેપારીઓ પણ રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી નવી વૈક્લ્પિક વ્યવસ્થા શોધવાના કામે લાગી ગયા છે. જયારે દુકાનો સીલ કરવાની ગતિવિધિના લીધે વેપારીઓમાં ફફડાટ વધી રહ્યો છે.

# ખેડૂત અકસ્માત સહાય બમણી કરવા રાજ્ય સરકારનો નિર્ણય

**અકસ્માતના કારણે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં એક લાખની સહાયના બદલે બે લાખ મળશે : ૨.૫૦ કરોડથી વધુ ખેડૂતને આવરી લેવાયા**

અમદાવાદ,તા. ૨૦

ગુજરાત સરકારે વધુ એક



કિસાનલક્ષી નિર્ણય આજે કર્યો હતો જેના ભાગરુપે ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની સહાય તેમજ વ્યાપ વધારવાની જાહેરાત કરવામાં આવી છે. હવે અકસ્માતના કારણે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં એક લાખની સહાયના બદલે બે લાખ અને એક આંખ અથવા તો એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦૦૦૦ની સહાયના બદલે એક લાખની સહાય આપવામાં આવશે. ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાનના બદલે કોઈપણ સંતાનનો સમાવેશ કરવામાં આવશે. આ યોજના હેઠળ રાજ્યના ૨.૫૦ કરોડ ખેડૂતોને આવરી લેવામાં આવશે. ખેડૂતો તરફથી અંદાજે ૭૦ કરોડથી વધુનું પ્રિમિયર રાજ્ય સરકાર ભરશે. રાજ્યમાં બે દિવસીય મોનસૂન સત્ર દરમિયાન રાજ્ય સરકારે ખેડૂતો માટે થોડા દિવસોમાં મોટી જાહેરાત કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. જેના અનુસંધાનમાં આજરોજ ડેપ્યુટી સીએમ નીતિન પટેલે ખેડૂતોને લઈને રાજ્ય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૪૦૯૩ બાળકો કુપોષણથી પિડાય છે : રાજ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા ૪૦૯૩ હોવાનું મહિલા અને બાળકલ્યાણ મંત્રીએ ગુજરાત વિધાનસભામાં કપડવંજના ધારાસભ્ય કાળાભાઈ ડાભીએ એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ૩૪૦૫ બાળકો ઓછુ વજન ધરાવતા મળી આવ્યા છે જ્યારે ૬૮૮ બાળકો અતિ ઓછુ વજન ધરાવતા મળી આવ્યા છે. આમ જિલ્લામાં ૪૦૯૩ બાળકો કુપોષણથી પિડાતા મળી આવ્યા છે.

મંત્રીશ્રીએ જિલ્લામાં કુપોષણ દૂર થાય તે માટે વિવિધ પગલાંઓ લીધા છે. તેમણે જણાવ્યુ હતુ કે હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૩ થી ૬ વર્ષના અતિ ઓછુ વજન ધરાવતા બાળકો, સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને ભારત સરકારના પૂરક પોષણના ધોરણોને ધ્યાનમાં રાખી ટી.એચ.આર. તરીકે અન્ન વિતરણ પણ કરવામાં આવેલ છે.

# પીએસઆઈમાંથી પીઆઈ તરીકેના પ્રમોશન સામે સ્ટે દૂર

**પીએસઆઇ વર્તુળમાં ભારે રાહત-ખુશીની લાગણી ગુજરાતના પીએસઆઇના પ્રમોશનની પ્રક્રિયા આ કેસમાં વડી અદાલતના અંતિમ ચુકાદાને આધીન રહેશે : હાઇકોર્ટ**

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં રાજયના સેંકડો પોલીસ સબ ઈન્સપેકટર માટે હાઈકોર્ટે આજે એક મોટી રાહત આપતો હુકમ કર્યો હતો. રાજયમાં પોલીસ ઈન્સ્પેકટરના પ્રમોશનની પ્રક્રિયા પર અગાઉ મુકેલો સ્ટે આજે ગુજરાત હાઈકોર્ટે હટાવી લીધો હતો. પોલીસ સબ ઈન્સ્પેકટરમાંથી પોલીસ ઈન્સ્પેકટરના પ્રમોશન પરનો સ્ટે હટી જતાં રાજય પોલીસતંત્રમાં ખાસ કરીને પીએસઆઈ વર્તુળમાં ભારે રાહતની અને ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. રાજયમાં પોલીસ સબ ઈન્સ્પેકટરમાંથી પોલીસ ઈન્સ્પેકટરની પ્રમોશન અંગેની ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી વિવિધ રિટ અરજીઓની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે આજે ઉપરોકત રાહત આપી હતી. હાઈકોર્ટે જણાવ્યુ હતું કે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને પોલીસની કામગીરી ઘણી મહત્વની છે. પ્રમોશનની પ્રક્રિયા પર રોક લગાવાથી કાયદો વ્યવસ્થા પર તેની તેની સીધી અસર પડે છે.

આ સંજોગોમાં પીએસઆઈમાંથી પીઆઈ તરીકેના પ્રમોશનની પ્રક્રિયા પર અગાઉ મૂકેલો સ્ટે હટાવી લેવાનું ન્યાયોચિત જણાય છે, તેથી અદાલત અગાઉનો સ્ટે ઉઠાવી લે છે. જો કે, સાથે સાથે હાઈકોર્ટે એ બાબત પણ સ્પષ્ટ કરી હતી કે, રાજયના પીએસઆઈના પ્રમોશનની પ્રક્રિયા આ કેસમાં હાઈકોર્ટના અંતિમ ચુકાદાને આધિન રહેશે. હાઈકોર્ટે કરેલા આ ચુકાદાનો અમલ તા.૩ જીઓકટોબર બાદ થઈ શકશે તેવી પણ અદાલતે તાકીદ કરી હતી. હાઈકોર્ટના આજના ચુકાદાને પગલે રાજયભરમાં સમગ્ર પોલીસતંત્ર ખાસ કરીને પીએસઆઈ આલમમાં ભારે રાહત અને ખુશીની લાગણી ફેલાયેલી જોવા મળી હતી કારણ કે, તેઓ છેલ્લા ઘણા લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈને બેઠા હતા અને તેના આડેનો અંતરાય મોડે મોડે પણ દૂર થતાં તેમને હાશકારો થયો હતો.

# આયુષ્યમાન ભારત યોજનાનો ૨૩મીથી રાજ્યમાં શુભારંભ

**રાંચીથી વડાપ્રધાન મોદી રાષ્ટ્રવ્યાપી શરૂઆત કરશે : અમદાવાદથી મુખ્યપ્રધાન-નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં શરૂઆત : ગુજરાતના ૪૪ લાખથી વધુ પરિવારને ફાયદો**

અમદાવાદ, તા. ૨૦

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, દેશના કરોડો નાગરિકોને ઉચ્ચ પ્રકારની મોંઘી સારવાર વિનામૂલ્યે પુરી પાડવા માટે ભારત સરકાર દ્વારા આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરાઈ છે. જેનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ ૨૩મી સપ્ટેમ્બરે ઝારકંડના રાંચીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરાશે. ગુજરાતમાં પણ આ યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતેથી થશે. જિલ્લા મથકોએ રાજ્યમંત્રી મંડળના સભ્યો આ યોજનાનો શુભારંભ કરાવશે. નાયબ મુખ્યમંત્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્યના ૪૪ લાખથી વધુ પરિવારના ૨.૨૫ કરોડ નાગરિકોને ૧૦૦ ટકા સરકારી ખર્ચે સારવાર પુરી પડાશે. નાના મોટા રોગોમાં વાર્ષિક રૂપિયા ૫.૦૦ લાખની મર્યાદામાં આ યોજના હેઠળ નોંધયોલા પરિવારોને સારવાર પુરી

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com